# માણસા કિસાન આંદોલન : (૧૧-૫-૧૯૩૭ થી ૧૧-૬-૧૯૩૮)

પ્રો.પ્રકાશ એસ.પટેલ,

ઈતિહાસ વિભાગ

એમ.એન.કોલેજ,વિસનગર

માણસા કિસાન આંદોલનો ઈતિહાસએ માણસાની પ્રજાના સંપ અને સંગઠન ની ઠંડી તાકાતનો ઈતિહાસ છે. ઈ.સ. ૧૮૯૩ માં માણસાની જમીનની માપણી કરવામાં આવી હતી.અને ઈ.સ. ૧૮૯૭ માં માણસા રાજયની જમીનનું બાગાયત અને જરાયત એમ બે વિભાગમાં વિભાજન કરવામાં આવ્યું. બાગાયતમાં ઉત્તમ પ્રકારની જમીન પર વીઘે છ રૂપિયા બાર આના, મધ્યમ પ્રકારની જમીનપરસાડા ચાર રૂપિયા અને કનિષ્ઠ પ્રકારની જમીન પર ત્રણ રૂપિયાનું જમીન મહેસૂલ ઠરાવ્યું. અને જરાયત જમીનનો મહેસુલી દર બાગાયતથી અડધો રાખવામાં આવ્યો હતો. આ નકકી કરેલો દર દસ વર્ષની મુદત માટેનો હોવાથી દશોટો કહેવાયો.[૧]

ઈ.સ.૧૯૦૭ માં જમીન મહેસુલનો પ્રથમ દશોટો પૂરો થતાં શ્રી રાઓલજી તખત સિંહજીએ ૩૫ થી ૩૭ ટકા મહેસૂલ વધારો નવા દશોટામાં જાહેર કર્યો. મહેસૂલના આ નવો દર ખેડૂતોની કમર તોડી નાખે તેવો હતો. ઈ.સ. ૧૯૧૭ માં જમીન મહેસુલનો બીજો દશોટો પૂરો થતાં શ્રી રાઓલજી તખતસિંહજીએ ઈ.સ. ૧૯૧૭ થી ઈ.સ. ૧૯૨૭ નો નવો દશોટો જાહેર કર્યો. તે પ્રથમ દશોટો કરતાં ૯૩ ટકા અને બીજા દશોટા કરતાં ૪૧ ટકા વધારે હતો. ચોથો દશોટો ૫મી જૂન ઈ.સ. ૧૯૨૭ થી શરૂ થઈ તા. ૧૨-૫-૧૯૩૭ના રોજ પુરો થાય તે દરમ્યાન વીઘોટીમાં લગભગ ૨૪૫ ટકા નો વધારો થયો પરિણામે કિસાનોની જમીનના ક્ષેત્રફળમાં જરાપણ વધઘટ ન થઈ હોવા છતાં કિસાનોના મહેસૂલમાં બે થી ત્રણ ઘણો વધારો થઈ ગયો જેના પરિણામે કિસાનો વધારે મુશ્કેલીમાં મુકાયા.[૨] તેની તમામ વિગતો નીચેના કોઠા ઉપરથી સમજાય છે.

| ખેડૂતનું નામ | ઈ.સ.૧૮૯૮<br>રૂા.- આના-પૈસા | ઈ.સ.૧૯૦૮<br>રૂા.- આના-પૈસા | ઈ.સ.૧૯૧૮<br>રૂા.- આના-પૈસા | ઈ.સ.૧૯૨૮<br>રૂા.- આના-પૈસા |
|---|---|---|---|---|
| પટેલ સવાભાઈ પ્રભુદાસ | ૪૬-૨-૭ | ૬૩-૧૪-૦ | ૮૯-૦-૭ | ૧૧૩-૧૩-૬ |
| પટેલ માધાભાઈ ખુશાલદાસ | ૪૫-૧૧-૭ | ૭૯-૦-૧૦ | ૧૦૯-૬-૫ | ૧૪૨-૧૧-૦ |

ઉપરના બંન્ને ખેડૂત ખાતેદારોને ઈ.સ.૧૮૯૮ માં જેટલી જમીન હતી તેટલી જમીન ઈ.સ.૧૯૨૮ માં પણ છે. તેમાં બીલકુલ વધઘટ થયેલ જોવા મળતી નથી.આમ ઉપરના કોઠાની તુલના કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે પહેલી આંકણી કરતાં છેલ્લી આંકણીમાં અઢીથી ત્રણ ગણો વધારો છે. એટલે કે ૨૫૦ થી 300 ટકાની છે.[3]

આ સિવાય માણસાના શ્રી રાઓલજી કિસાનો પાસે વિવિધ પ્રકારોની વેઠ કરાવતા હતા જેમાં ગાડું લઈને જવું પડતું અને વિના મહેનતાણે વેઠ કરવી પડતી. કુંભાર લોકોએ મફત વાસણો અને ઈંટો પૂરી પાડવી પડતી હતી. જયારે કારીગર વર્ગ પાસેથી મફત મહેનત કરાવવામાં આવતી. અને વેપારીઓએ દરબાર ની નાની મોટી તમામ જરૂરિયાતો પુરી પાડવી પડતી વગેરે બાબતોનો સમાવેશ વેઠમાં થતો હતો. અને આમ કસૂરવાર થાયતો દરબાર તરફથી દંડ કરવામાં આવે તે નફામાં.[૪]

આ બધાના લીધે માણસાના આગેવાનો અમદાવાદ જઈ મહાત્મા ગાંધી, બેરિસ્ટર વલ્લભ ભાઈ પટેલ અને ઈન્દુલાલ યાજ્ઞિકને ૨૫-૯-૧૯૨૦ મળ્યા. અને પોતાનાં દુઃખો વ્યકત કર્યાં. ગાંધીજીએ ઈન્દુલાલ યાજ્ઞિકને વેઠ અને રાજયની આપખુદી સામેની લડતમાં પ્રજાને પડખે ઊભા રહેવા જણાવ્યું.[૫] અને સમગ્ર દેશમાં અસહકારની લડતનાં મંડાણ કરતાં લોકોમાં અભૂતપૂર્વ જાગૃતિ આવી. માણસાની પ્રજાએ પણ તેના ભાગ રૂપે હોય તેમ દરબાર સામે લડત આદરી.

આમ માણસાના શ્રી રાઓલજીના શોષણથી રાજયની પ્રજામાં અસંતોષ ઉભો થયો. જેમાંથી ઈ.સ. ૧૯૧૭ માં સંગઠન સ્વરૂપે માણસા સેવા સમાજની સ્થાપના કરી. અને તેઓની અરજી દ્વારા લડત શરૂ કરી જેમાં તેમને થતા અન્યાયને લગતી વિગતો છપાવી સાદરા પોલીટીકલ એજન્ટને મોકલી અને ન્યાય અપાવવા વિનંતી કરી. જેથી શ્રી રાઓલજી તખતસિંહજી છંછેડાયા અને પ્રજા ઉપર દમનનો દોર શરૂ કર્યો. અને જમીન મહેસૂલની વસુલાત ખૂબ જ કડક રીતે અમલમાં મૂકી દીધી.

પરિણામે માણસામાં વારંવાર સભાઓ ભરાવા લાગી. કિસાનોએ જમીન મહેસૂલ આપવાનું બંધ કર્યું. અને વેઠ આપવાનો ઈન્કાર કરવા લાગ્યા. સમય જતાં બ્રિટિશ પોલિટિકલ એજન્ટોએ પણ વેઠનો ઈનકાર કરનાર કિસાનોની ફરિયાદ બાબતે દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કર્યો જેથી રાજયના શ્રી રાઓલજી એ દમનનો કોરડો વધારે વીંઝવા માંડયો. અને નવા નવા કરવેરા દાખલ કર્યાં. દસ્તાવેજ પર સ્ટેમ્પ લગાવવાનું ફરજીયાત બનાવ્યું. વિવિધ લખાણોને સ્ટેમ્પ વિનાના હોય તો અમાન્ય કરવાનાં પગલાં ભર્યાં. પ્રજાને દબાવવા મકરાણી અને સિંધી સૈનિકોને પોલીસમાં સ્થાન આપ્યું જેથી પ્રજાનો અવાજ દબાઈ જાય.[૬]

શ્રી રાઓલજીના દમનને પરિણામે લોકોનો જુસ્સો તૂટી ન પડે તે માટે માણસાના આગેવાનોએ ઈ.સ. ૧૯૨૧ ના માર્ચના ત્રીજા અઠવાડિયાએ ગાયકવાડી હદના મકાખાડ સ્ટેશન નજીક 'નવા બજાર' માટેની જમીનમાં પ્રજાકીય પરિષદ ભરી. પરંતુ પોલિટિકલ એજન્ટે કિસાનોની ફરિયાદ સાંભળવામાં નિષકાળજી દાખવતાં પ્રજાનો ઉત્સાહ ઓસરવા લાગ્યો. બીજી બાજું ગામ લોકો ગામ છોડી 'નવા બજાર' માં વસવાટ કરવા અંગે વિચાર કર્યો તો દરબારે નવા બજારમાં વસવા જનારનાં ઘર-જમીન જપ્ત કરવાની વાતો વહેતી કરી અને માણસાના બે આગેવાનો મણીલાલ પટેલ તથા કેવળદાસ પટેલને રાજયમાંથી હદપાર કર્યાં. આ બધાથી હિજરતની વાત હવાઈ ગયી અને લોકોની તાકાત તૂટી.[૭]

આમ માણસાના રાઓલજીએ પ્રજાના અવાજને દબાવી દીધો. આથી જાણે કે શ્રી રાઓલજીની મહેરબાની મેળવવા સ્પર્ધા ઉભી થઈ હોય એવી પરિસ્થિતિ સર્જાઈ. કેટલાક મુખીઓ અને

આગેવાનો શ્રી રાઓલજીનો પ્રેમ પામવા પડાપડી કરતા હોય તેવી પરિસ્થિતિ થઈ અને આ બધાને પરિણામે શ્રી રાઓલજીના લોભે માઝા મૂકી.

દર દશાટે મહેસૂલમાં વધારો કરવો એ હવે માણસાના વહીવટીતંત્રની ખાસિયત બની ગઈ.ઈ.સ. ૧૯૨૭માં પાટવી કુંવર શ્રી સજજનસિંહનાં લગ્ન થયાં. આ અવસરે માણસા તાલુકાના મુખીઓ ને બોલાવીને ચાંલ્લા તરીકે તથા દશોટામાં વિઘોટીનો વધારો કરી આપવા શ્રી રાઓલજીએ પ્રસ્તાવ મૂકયો. મુખીઓ એ બે વર્ષ માટે વીઘે પાંચ આનાનો વધારો ચાંલ્લા પેટે સ્વીકાર્યો. ત્યાર બાદ વધારો દૂર કરી મૂળ મહેસૂલ લેવું એમ મોખિક નકકી કર્યું.[૮] પરંતુ લખતી વખતે શ્રી રાઓલજી અને તેમના કારભારીઓએ વીઘે પાંચ આનાના બદલે રૂપિયે પાંચ આનાનો વધારો લેવો અને તે પણ પ્રથમ બે વર્ષ માટે નહિ પરંતુ દશોટાની પૂરી મુદત માટે લખાવી લીધો. તેમજ લખાણ ઉપર મુખીઓના અંગૂઠાઓ પણ લેવામાં આવ્યા જાણે અજાણે મુખીઓ પોતાનું મુખી પણું ખૂંચવાઈ ન જાય તે બીકે બોલી ન શક્યા. અને આમ મહેસૂલમાં અનહદ વધારો કરીને ઈ.સ. ૧૯૩૪માં શ્રી રાઓલજી તખતસિંહજી લકવાની પીડા ભોગવતાં ચિર વિદાય લેતાં શ્રી રાઓલજી સજજનસિંહજી ગાદી વારસ થયા.

આમ શ્રી રાઓલજી સજજનસિંહજી ગાદીએ બેઠા પછી બીજા જ વર્ષે પરિપત્ર બહાર પાડયો કે "ખેતરો રસ્તાઓની ધારે કે ખરાબાની જમીનમાં ફળાઊ ઝાડો ઉછેરનારે આઠ આનાના સ્ટેમ્પ સાથે અરજી કરવી અને તેની સરકાર પાસેથી પરવાનગી મેળવી લેવી. પરવાનગી વગર ઝાડ રોપનારને એકાવન રૂપિયા દંડ થશે." [૯]

આથી પ્રજામાં ખૂબ જ અસંતોષ થયો. બીજી બાજુ કિસાનોની આર્થિક સ્થિતિ અનિયમિત વરસાદ અને મહામંદી જન્ય ભાવ ઘટાડાથી બગડતી જતી હતી. આવી સ્થિતિમાં નવો દશોટો આવવા નો સમય નજીક આવતો જતો હતો. તેમ તેમ કિસાનોમાં નવા દશોટા વખતે જમીન મહેસૂલ ઘટાડવા માટે સંગઠિત રજૂઆતની ભાવના પ્રબળ બનવા લાગી અને તેમણે ૧૨ મે ૧૯૩૭ના રોજ શ્રી રાઓલજી સજજનસિંહજી સમક્ષ અરજી કરી કે " મહેસૂલ દર અમારા માટે અસહય છે. આમાં ઘટાડો થાય તેવી અમારી ઈચ્છા છે. આ માટે આપ મહેસૂલી દરની પુર્નવિચારણા કરો અને એમ શકય ન હોય તો જૂની કળતર પધ્ધતિ પ્રમાણે મહેસૂલ લેવાય તેવી વિનંતી છે."

આ અરજી આપવાને બે માસ જેટલો સમય વીતી ગયો. છતાં શ્રી રાઓલજી તરફ થી કોઈ જવાબ નહોતો તેથી કિસાનો સમક્ષ બે જ રસ્તા હતા એક તો મૂંગે મોઢે આ બધુ વેઠી લેવાનો અથવા રાજયના અન્યાયી કરવેરા સામે છેક સુધી લડી લેવાનો. કિસાનોએ બીજો રસ્તો અમલમાં મૂકયો. તેમણે ૧૯૩૭ના સ્પટેમ્બર ૧૨મી તારીખે 'કિસાન સમિતિ' ની સ્થાપના કરી જેમાં માણસાના પંદર જેટલા સભ્યોને સ્થાન આપવામાં આવ્યું હતું.[૧૦] આ કમિટીમાં નીચેના પંદર આગેવાનોને ચૂંટી કાઢવામાં આવ્યા.

૧. પટેલ ગોપાળદાસ ભગવાનદાસ
૨. પટેલ બબારામ ગંગારામ
૩. પટેલ શીવરામ માધવજી
૪. પટેલ ગોપાળદાસ મોતીરામ

૫. પટેલ નથ્થુભાઈ ખુશાલદાસ
૬. પટેલ ઉમેદરામ પ્રભુદાસ
૭. પટેલ શીવરામ રણછોડ
૮. પટેલ નથ્થુભાઈ છબીલદાસ
૯. પટેલ જોઈતારામ વેણીદાસ
૧૦. પટેલ માધાભાઈ હેમાભાઈ (વાવ બાજુ
૧૧. પટેલ ચતુરભાઈ પૂંજાભાઈ (દરબાર બાજુના)
૧૨. પટેલ કચરાભાઈ જોઈતાભાઈ (વાવ બાજુના)
૧૩. ચૌધરી રામાજી ચેલાજી - ફતેપુરા
૧૪. ચૌધરી કુબેરભાઈ જેસીંગભાઈ - બાપુપુરા
૧૫. ચૌધરી વિરસંગભાઈ જેસંગભાઈ - ઈંદ્રપુરા

માણસા રાજયમાં કુલ ૧૨ ગામો હતાં. માણસા, ઈટાદરા, ફતેપુરા, રામપુરા, ઈન્દ્રપુરા, પરબતપુરા, રાજપુરા, ભીમપુરા, ધોળાકૂવા અને સબ્દલપૂરા.[11] આ કિસાન સમિતિના સભ્યો પોલિટિકલ એજન્ટને ફરીવાર મળયા અને કિસાનોને થયેલા અન્યાય દૂર કરવા અરજી કરી. કિસાનોમાં ફરી વખત ઉભી થયેલી સંગઠન ભાવના અને વધી રહેલા અસંતોષથી શ્રી રાઓલજી સજજનસિંહજી ઉચાટ વધ્યો.તેઓ વાંકાનેરના રાજવીને પોતાના અત્યંત નિકટના સગા તરીકે બધી વાતોથી વાકેફ રાખતા હતા. (કારણ કે શ્રી રાઓલજી સજજનસિંહજીની સાસરી વાંકાનેર થતી હતી.) આથી વાંકાનેર નરેશે વઢવાણના સર ન્યાયાધીશ તરીકે નિવૃત થયેલા ગિરધરલાલ ની કુનેહ અને રાજય ભકિત પર વિશ્વાસ રાખી માણસાના દિવાન તરીકે તેમની નિમણૂંક કરી.

આ નવા દિવાન ગિરધરલાલે કિસાનોમાં ભાગલા પાડવાની, ટૂકડો ફેંકી લલચાવાની અને વ્યાજ તથા જપ્તી ખર્ચ સહિત જૂના દરે મહેસૂલ વસૂલ કરવા ધમકાવવાની રીત પણ અપનાવવા માંડી. રાજયના આવા વલણ સામે કિસાન આગેવાનોએ દસકોઈ તાલુકા કોંગ્રેસ સમિતિનો સંર્પક સાધ્યો. પણ માણસા દેશી રાજય હતું તેથી તેના કેસમાં ઝુકાવતાં પહેલાં ગુજરાત કોંગ્રેસની સંમતિ જરૂરી હતી તેથી આગેવાનોએ સરદાર વલ્લભભાઈ પટેલની મુલાકાત લીધી. તેમણે રવિશંકર મહારાજને આ બાબતે ખાનગી રીતે તપાસ કરી અભિપ્રાય આપવા જણાવ્યું. રવિશંકર મહારાજે માણસાના ખેડૂતોની લડવાની તાકાત અંગે અભિપ્રાય રજૂ કરતાં દસકોઈ તાલુકા કોંગ્રેસ સમિતિને આ લડતને જરૂરી માર્ગદર્શન અને નેતાગીરી પૂરી પાડવા જણાવ્યું. આથી દસકોઈ તાલુકા સમિતિના શ્રી રામરાય મુન્શી અને ભવાનીશંકર મહેતાએ માણસાના કિસાનોની તરફેણમાં જોડાયા. અને આ માટે સૌ પ્રથમ સભા તા. ૨૫-૯-૧૯૩૭ના રોજ વાગોસણામાં ગાયકવાડી હદમાં ભરી.[12] તેમાં વિઘોટીના ભારે વધારા સામે વિરોધ ઉઠાવ્યો. રાજયને વિઘોટી ઘટાડવા અથવા ભાગ બટાઈ પધ્ધતિ દાખલ કરવા અનુરોધ કર્યો. જો રાજય ન માને તો 'ના કર' ની લડત ઉપાડવાની જાહેરાત પણ કરી તેમજ રાજયને નમાવવા રાજયની કોઈપણ હરાજીમાં ભાગ ન લેવો તેમજ રાજયને નજરાણું આપી જમીન ન લેવી તેમ નકકી કરી પોલિટિકલ એજન્ટ પાસે ૨000 કિસાનોની સંખ્યામાં જઈ રજૂઆત કરી. ત્યારે પોલિટિકલ એજન્ટે સમાધાનની આશા આપી વિદાય કર્યાં.[13]

સરકારી પ્રચારતંત્રનો સામનો કરવા કિસાનોની શકિત ટકાવવા અને વધારવા માટે હવે કિસાન સમિતિ કૃતનિશ્ચયી બની. ગામડે ગામડે કાર્યકરો ઘુમવા મંડી પડયા. ગોપાલદાસ ભગવાનદાસ,

અમથાભાઈ કાલીદાસ, ગણેશભાઈ મણીલાલ પટેલ, વિરસંગભાઈ ચૌધરી, જેસંગભાઈ ચોધરી, રામાજી ચૌધરી, હરજીવનદાસ પટેલ, કુબેરભાઈ ચૌધરી વગેરે ગામડાં ખુંદવા માંડયાં. ગાયકવાડી વાગોસણામાં ૧૯૩૮ના જાન્યુઆરીની છઠ્ઠી તારીખે માણસા તાલુકાના ખેડૂતોની ગોપાળદાસ ભગવાનદાસ પટેલના પ્રમુખ પદે સભા ભરવા માં આવી. આ સભામાં ૪૦૦૦ જેટલા કિસાનો ભેગા થયા.[૧૪]

આ બાજુ શ્રી રાઓલજી સજજનસિંહજી આ વિગતોની ખબર પડતાં રાજયે પોતાનો ક્રૂર પંજો ફેલાવવાની શરૂઆત કરી. અને તેનો પ્રથમ શિકાર ઈટાદરા ગામને બનાવ્યું. વાગોસણાની સભામાંથી પાછા ફરેલા ઈટાદરાના કિસાનોનો થાક ઉતરે તે પહેલાં સવારે સાડા પાંચ વાગે માણસાના પચાસ જેટલા દરબારી પોલીસોએ ગામને ઘેરીને હવામાં ગોળીબાર શરૂ કર્યો. કુદરતી હાજતે જતા લોકો, કૂવામાંથી પાણી ભરવા જતી પનિહારીઓ અને ખેતરે જવા નીકળેલા ખેડૂતોને રોકવામાં આવ્યા. પોલીસોએ ગામની ચારે બાજુ નાકાબંધી કરી દીધી. બીજી બાજુ તેઓએ મહેસૂલ વસૂલાત માટે ગામમાં ભૈરવનાથ આદર્યો. સ્ત્રીઓના પહેરેલાં ઘરેણાં (દાગીના) ઉતરાવ્યા, દૂધની ગોરસીઓ ફોડી નાખવામાં આવી, કોઠીઓમાં ભરેલા અનાજ (દાણા) વેરી નાખ્યા અને ખેડૂતોને ગડદા પાટુની પ્રસાદી આપી આમ ઈટાદરાથી જુલ્મી ત્રાસની શરૂઆત થઈ.[૧૫]

કવિએ ઈટાદરાનો ઘેરો વર્ણવતાં ગાયું છે કે-[૧૬]

" વહેલી પરોઢે ને ઘોર અંધારે ઘેર્યું ઈટાદરુ ગામ,
ગોળીબારોથી ગામ ગજાવ્યું, મેલો-ઘરેણાં ને દામ."

મહેસૂલ વસૂલાતને નામે રાજયના પાશવી દમનનો દોર દિવસો સુધી ચાલ્યો. એક સ્ત્રી પાસે મહેસૂલના લેણા પૈસા કઢાવવા તેની છાતીએ ભાલો અડાડવામાં આવ્યો. ગોપાળદાસ બાજીદાસ પટેલની પત્ની પાસેથી પોલીસે મહેસૂલ પેટે વીસ રૂપિયા પડાવ્યા છતાં આટલેથી ધરાવ ન થયો હોય તેમ પોલીસે ખેતરમાં જઈને ગોપાળદાસ બાજીદાસ પટેલને મારવા લીધા. ગભરાયેલા પટેલ છટકીને દોડયા તો પોલીસે છુટો ભાલો ફેંકયો અને પટેલના પગમાં વાગતાં પટેલ ગબડી પડયા !-[૧૭]

માણસાના મહાજને ઈટાદરાના જુલ્મી ત્રાસની ખબર મળતાં તેમણે જુલ્મના વિરોધમાં હડતાલ પાડી. છતાં જુલ્મની પરંપરા અન્ય ગામોમાં પણ ચાલુ રહી. પરબતુરા, ફતેપુરા અને બાપુપુરામાં પણ વસૂલાત અંગે જુલ્મો શરૂ થયા. આટલું ઓછું હોય તેમ ૧૯૧૯માં દેશભરમાં વગોવાયેલા રોલેટ એકટની નવી આવૃત્તિ જેવા માણસા રાજયે પણ હુકમો બહાર પાડયો જે આ મુજબનો હતો.

" દરબારી લેણું વસુલાત કરવામાં નડતર રૂપ થનારને રૂા. ૫૦૦ દંડ અને છ માસની સખત મજૂરીની સજા કરવામાં આવશે. મેજીસ્ટ્રેટ અથવા પોલીસ ઓફિસરની સામે થનારને પણ ઉપરોકત સજા તથા દંડ કરવામાં આવશે. આ ઉપરાંત જપ્તી કરવા માટે જરૂર પડે ઘરનું બહારનું કે અંદરનું ગમે તે બારણું જપ્તી કરનાર તોડી શકશે. આ જપ્તી દરમિયાન કોઈ નાગરિકને ઈજા થાય તો શ્રી રાઓલજીની લેખિત પરવાનગી સિવાય દીવાની કે ફોજદારી ફરિયાદ થઈ શકે નહિ વગેરે."[૧૮]

શ્રી રાઓલજીના વધતા જતા જુલ્મોની હકીકતો જન્મભૂમિ, ગુજરાત સમાચાર, સંદેશ, મુંબઈ સમાચાર, નવ સૌરાષ્ટ્ર, રાજસ્થાન વગેરે ગુજરાતી વર્તમાનપત્રો માણસાના સમાચારોને અગ્રસ્થાન આપતાં ગુજરાતભરમાં માણસાની શોષણ પીડીત જનતા પ્રત્યે સહાનુભૂતિ ઉભી થઈ ! ઈટાદરામાં થયેલા જુલ્મ સામે ઈન્દ્રપુરા, માણસા વગેરે સ્થળે સભાઓ ભરાઈ અને સરકારી કૃત્યની ઝાટકણી કાઢવામાં આવી.

દૈનિક વર્તમાનપત્રોમાં છપાતાં સજ્જનસિંહે 'પ્રેસ કોમ્યુનિક' ના શીર્ષક હેઠળ એક નિવેદન છપાવ્યું. ઈટાદરા જુલ્મની વાતો ખોટી છે તેમજ કોઈ ખેડૂતોને માર મારવામાં આવ્યો નથી કે અટકાયત પણકરવામાં આવી નથી. જમીન મહેસૂલ અંગે બચાવ કરતાં જણાવાયું કે માણસા રાજયમાં દર ચોરસ માઈલે ૬૮૬ માણસોની વસ્તી છે જયારે બાજુના ગાયકવાડી રાજયના કડી મહાલમાં દર ચોરસ માઈલે વસ્તી ફકત ૩૨૫ ની જ છે. આમ ગાયકવાડી રાજય કરતાં બમણી વસ્તી હોવાથી બંદોબસ્ત માટે વધુ પોલીસ રાખવી પડતી હોવાથી મહેસૂલનો દર માણસા તાલુકામાં વધારે છે. માણસા તાલુકામાં વસ્તી વધુ હોવાથી જમીનના નાના ટૂકડાઓ વધારે છે. અને તેથી જમીન વધારે કેળવાયેલી છે અને તેથી વધુ ફળદ્રુપ અને ઉત્પાદક છે. આ જોતાં જમીન મહેસૂલનો દર વધારે પડતો ન જ ગણાય.[૧૯]

શ્રી રાઓલજી સજ્જનસિંહજીના આ 'પ્રેસ કોમ્યુનિક' ને 'જન્મભૂમિ' એ "અસત્યનો અવતાર" અને "૯00 શબ્દોની નાદારી" એવા બે અગ્રલેખથી વખોડી કાઢયું. ગુજરાત સમાચારે " માણસા પ્રકરણ નિકાલ માગે છે " એ શીર્ષક હેઠળ અગ્રલેખો દ્વારા માણસાના દરબારના કરતૂતોને ખુલ્લા પાડવા માંડયા.[૨૦]

એક બાજુ રાજયના જૂઠાણાનો ભાંડો ફૂટી રહયો હતો ત્યારે બીજી બાજુ રાજયએ બાપુપુરા, ફતેપુરા, ગુલાબપુરા અને પરબતપુરામાં ચસુલાત માટે કાળો કેર વર્તાવ્યો. પરબતપુરા (પૂંજાપરા) ગામમાં સવારે ચાર વાગે પોલીસો, તલાટી અને બાજુના ઈટાદરા ગામના કેટલાક મુસ્લમાનો અને ગરાસિયાઓએ અચાનક છાપો માર્યો, લોકોને ઉંઘતા ઉઠાડીને ઘરમાંથી બહાર કાઢીને એક પછી એક બધાંના ઘેર કડીઓ લગાવીને સીલ લગાવવામાં આવ્યા સવારે સાત વાગે બંધ કરેલા મકાનને બપોરે બે વાગે ખોલ્યું ત્યારે નાના બાળકના પગ બિલાડીએ કરડી ખાધા હતા અને બાળક બે શુધ્ધ હતું.[૨૧]

માણસા તાલુકામાં વસતા રબારીઓને સરકારી અમલદારોએ ચઢાવણી કરતાં તેમણે ખેડૂતોના ઉભા પાકનું ભેલાણ આદર્યું. આમ પ્રજાજનો પર દમનનો દોર છૂટો મૂકીને શ્રી રાઓલજી સજ્જનસિંહજી માણસા છોડીને મુંબઈ જઈને રહયા તેથી તેમની ગેર હાજરીમાં દીવાન ગિરધરલાલની જોહુકમી સામે રાવે ચઢવાનું પણ હવે પ્રજાજનો માટે ન રહયું.[૨૨]

પરબતપુરાના જુલ્મની કહાની ગુજરાતમાં ઘેર ઘેર ગવાતી થઈ ગઈ. અમદાવાદમાં વસતા માણસાવાસીઓએ સભા ભરીને શ્રી રાઓલજી સજ્જનસિંહજીના પાશવી પગલાં સામે પોકાર ઉઠાવ્યો. માણસા તાલુકાના બારેય ગામના ૧૫0 જેટલા પ્રતિનિધિઓ ફરીથી મકાખાડ મુકામે ભેગા થયા અને મકકમ લડત ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. કિસાનોની મકકમતા કોઈ કિસાનોની સાથે સમાધાનની તત્પરતા બતાવી.

સમાધાન માટે આમંત્રણ મોકલ્યું જેથી ૩૧ જાન્યુઆરી ૧૯૩૮ રોજ માણસામાં કિસાનોની સભા મળી જેમાં પરબતપુરા (પૂંજપૂરા) માં થયેલા અત્યાચારો બદલ જવાબદાર અધિકારીઓને રાજયે બરતરફ કરીને સજા કરવી તેમજ રાજયના અને કિસાનોના પ્રતિનિધિઓનું સંયુકત સલાહ મંડળ નીમવું. લવાદ મંડળ દ્વારા જે સમાધાનની શરતો નકકી થાય તે માન્ય રાખવી. પરંતુ રાજય તરફથી જવાબ મળ્યો કે લવાદ મંડળમાં રાજય પોતાનો કોઈ પ્રતિનિધિ નીમવા ઈચ્છતું નથી. તેમ કહી સમાધાન માટે લંબાવેલો હાથ પાછો ખેંચી લીધો ફરી થી ૨ ફેબ્રુઆરી ૧૯૩૮ના રોજ માણસામાં કિસાન પ્રતિનિધિઓની સભા ભરાઈ અને નકકી કર્યું કે દરબારે સમાધાનની વાત ઠુકરાવી છે તો આપણે દરેક પ્રકારનાં દુઃખો ભોગવીને લડત ચાલુ રાખવી. આ સભામાં ૨૧૪ જેટલા કિસાનોએ જેલવાસ માટેની તૈયારી બતાવી.[૨૩] તે જ સમયે ગુલાબપુરાના કિસાનોને દરબારગઢમાં અંગૂઠા પકડાવયા છે. તેવા સમાચાર મળતાં સભા સરઘસમાં ફેરવાઈ ગઈ અને બધા દરબાર ગઢ પહોંચી ગયા. આવડો મોટો જનસમૂહ જોતાં પોલીસે ગુલાબપુરાના અટકાયતીઓને છોડી મૂકયા અટકાયતીઓ પણ સરઘસમાં જોડાઈ ગયા અને સરઘસ વલ્લભ ચોકમાં સભામાં ફેરવાયું. આ સભાએ હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં માણસાના કિસાનોનું પ્રતિનિધિ મંડળ મોકલવાનો ઠરાવ પણ કર્યો.

જયારે બીજી બાજુ ૯મી ફેબ્રુઆરી ૧૯૩૮ના રોજ બપોરે અઢી વાગે ૨૦૦ જેટલા માણસોના ધાડાં સાથે માણસામાં જપ્તી કરવા સારું દરબારી તલાટીઓ ઉતરી પડયા. મકરાણી સૈનિકોએ ગોળીબારથી ગામ ગજાવ્યું. ગામનાં નાકાઓને ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યાં. કિસાન સમિતિના મંત્રી અમથાભાઈ કાલીદાસને ત્યાં જપ્તી કરી પણ કંઈ ન મળતાં બીજે જપ્તીઓ ચાલુ કરી.[૨૪] પાટીદારોની દુકાનોને બારણેબારણે પઠાણો બેસાડી દીધા. જપ્તીમાં પૂળા, અને દીકરાઓને માટે આણેલાં સાસરવાસનાં વાસણો પણ જ પ્તીમાં લઈ ગયાં. ઈન્દ્રપુરામાં ૧૩ જેટલાં ગાડાં જપ્તીમાં લીધાંને એક જ લોખંડની સોકળે બાંધ્યા.

આ જપ્તી અંગેનીપ્રથમ વાર ખબર જેલમાં અટકાયત હેઠળ રહેલા શિવરામ પટેલને પહેલી પડી હતી તેથી શિવરામભાઈના ઘરેથી આવેલું ભાણું તેમણે જમ્યા વગર પાછું મોકલ્યું અને રોટલામાં જપ્તી અંગેની ચિઠ્ઠી લખીને મૂકી દીધી અને ભાણું પરત મોકલાવ્યું હતું.[૨૫] પરિણામે જપ્તીમાં કંઈ જ હાથમાં આવ્યું ન હતું તેથી દરબાર અને તેના અમલદારો વધુ છંછેડાયા. મહેસૂલ વસૂલાતના નામે ગમે તેના ઘરને સીલ લગાવવામાં આવતું. કૂવામાંથી પાણી ખેંચવાની વરેડીઓ પણ જપ્ત થતી પરિણામે પાણી ભરવા માટે સ્ત્રીઓ મુશ્કેલી અનુભવવા લાગી. વેપારીઓએ રાજયના અમલદારોને ઉધાર આપવાનું બંધ કરી દીધું.

હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં માણસાના ૫૦ જેટલા કિસાનોના પ્રતિનિધિ મંડળે ભાગ લીધો. ત્યાં પુસ્તિકાઓ વહેંચીને માણસાની પરિસ્થિતિથી લોકોને વાકેફ કર્યાં પરંતુ હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં માણસાની લડત થી છેટા રહેવાની ઘોષણા કરવામાં આવી. આમ કોંગ્રેસએ માણસા લડતમાં હાથ ખંખેરી નાખતાં શ્રી રાઓલજી સજજનસિંહજીની હિંમત વધી ગઈ અને જપ્તીઓનો દોર અને જુલ્મ બમણા વેગથી વધારી દીધો. શ્રી રાઓલજીએ જપ્તીમાં લીધેલો માલ હરાજ કરવાનું જાહેરનામું બહાર પાડતાં તેના વિરોધમાં ૨૭મી ફેબ્રુઆરીના રોજ માણસાના ૩૦૦૦ કિસાનોએ જંગી સરઘસ કાઢયું. અને આ સરઘસ ઉપર ઘોડેસવાર પોલીસ

દોડાવવામાં આવ્યા અને લાઠીમાર કરવામાં આવ્યો. અને ગોળીબાર પણ થયો તેમાં અનેક લોકો ઘવાયા. કિસાન સમિતિના આગેવાનોની ધરપકડો કરવામાં આવી. અને જલીયાનવાલા બાગનું પુનરાર્વન થતું પ્રજાને લાગ્યું. રાજયે નવ જેટલા આગેવાનો પર નોટીસો બજાવી અને સારી ચાલ ચલગત અંગે રૂા. ૫૦૦ ના જામીન માગ્યા.[૨૬]

બીજી બાજુ રાતવાસો કરવા જતા બાપુપુરા ગામના ચૌધરી સુખાભાઈ બેચરભાઈ પર મકરાણી દીન મહંમદની નજર પડી.મકરાણી દીન મહંમદે કોઈપણ જાતના કારણ વગર ચૌધરી સુખાભાઈ બેચરભાઈ ઝૂડવા લાગ્યો. તેથી ઢોરમારથી ત્રાસેલા સુખાભાઈ ચૌધરી 'બચાવો બચાવો' ની બૂમો પાડવા લાગ્યો. આ બૂમો સાંભળી તેમની મદદે ચૌધરી લાલાભાઈની પત્ની પુરીબેન દોડી આવી. પરિણામે ઉશ્કેરાયેલા મકરાણી દીન મહંમદે પોતાનું ખંજર પુરીબેનના ડાબા હાથમાં ભોંકી દીધું લોહીની ધારાઓ વહેવા લાગી, પુરીબેનના કપડાં લોહીથી ભીંજાયાં અને પુરી બહેન બેભાન થઈને નીચે પડી ગયા. ચારે બાજુ ઘોંઘાટથી ગામ લોકો ભેગા થતાં મકરાણી દીન મહંમદ ભાગી છૂટયો. પુરીબાઈને સાદરા મુકામે લઈ જવા ગામ લોકો મકાખાડ સ્ટેશને રાત્રે ધર્મશાળામાં રોકાયા. તેના સમાચાર દરબારને મળતાં પુરીબાઈ કોઈપણ સંજોગોમાં સાદરા પોલીટીકલ એજન્ટ સમક્ષ રજૂ ન થવી જોઈએ તેવો નિર્ણય જાહેર કરતાં રાત્રે જ માણસાની પોલીસ મકાખાડ પહોંચી ગઈ ધર્મશાળાનું બારણું તોડી પુરીબાઈને સાચવી રહેલા ૪૦ જેટલા કિસાનો પર તૂટી પડી. ૨૫ કિસાનોને પકડીને મોટરમાં નાખ્યા પણ બાકીના કિસાનોએ પુરીબાઈને ખાટલામાં નાખીને છૂપી રીતે ઉંચકીને દેલવાડા ગામે લઈ ગયા. આ હકીકતની બીજા દિવસે માણસામાં થતાં દરબાર તથા તેના કારભારીના કરતૂતોથી ખુબ જ ધૃણા થઈ.[૨૭]

દરબારના ત્રાસનાં ગીતોને રણચંડી બનેલી એ સ્ત્રીઓની શકિતને પોરષવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સ્ત્રી ઓની રટણા બની ચૂકેલી કેટલીક પંકિતઓ આ રહી......

"ઈન્દ્રપુરા કોઈ જાતા હો તો જો જો વડને ઝાડ,
તેર ગાડાંને સાંકળે બાંધ્યાં, પોલીસ મૂકયા ચાર,
પહેરો ભરે રાત ને દા'ડો,
ખેડૂતોનો બગાડયો દા'ડો.

જપ્તીના અને મારઝૂડ ના ત્રાસથી કેટલીક જગ્યાએ પુરુષો પડોશી ગામો કે સગા વહાલે રહેવા લાગ્યા. તો પોલીસોએ સ્ત્રીઓને હેરાન પરેશાન કરવામાં બાકી ન રાખ્યું. માંદી સ્ત્રી પાસે પોલીસે પોતાની પેટની આગ ઠારવા માટે અનાજ દળાવીને રોટલા કરાવવામાં ન અચકાતા. પતિ કે પિતાની ભાળ મેળવવા જતી સ્ત્રીઓને ગડદાપાટુ મારવાં, ચોટલા ખેંચવા એવા બનાવો નોંધાયા છે. તો પૂંજાપુરામાં ભુરીબહેન નામની સ્ત્રીની હાંસડી, લોળિયાં, વાળી, કાંટો વગેરે પોલીસ લઈ ગઈ. ચૂની પરાણે ખેંચવા જતાં ધૂળીબહેનનું નાક ચિરાઈ ગયું તો બીજી બહેનોના લોળિયાં કાઢવા જતાં કાન તૂટયા.પરિણામે માણસા તાલુકાની અબળાઓ સંગઠીત બની. જપ્તી ની વાત આવે ત્યાં પહોંચી જાય અને અનાજને વગે કરવામાં અગત્યનો ભાગ ભજવવા લાગી.

ઈટાદરા ગામના મનોરભાઈ જીવાભાઈ પટેલના ખેતરમાં સૌ મણ ઘઉંને મહેસૂલ પેટે લૂંટવા બંદૂક, ભાલા અને તલવારો સાથે વીસ-પચીસ પોલીસ પહોંચી. પંદરેક મણ જઘટલા ઘઉં પોલીસે મોટરમાં

નાખ્યા. ત્યાં ગામમાંથી ૨૫૦ જેટલી બહેનો આવતાં પોલીસ જતી રહી. પોલીસોએ આ સમયે ખળામાં કામ કરતી જમના નામની સ્ત્રીને સંગીનથી ઘાયલ કરી. ધમાચકડી અને બુમરાણનો લાભ લઈને પોલીસે બાજુમાં આવેલા જોઈતારામના ખેતરમાંથી ૨૫ મણ જેટલા ઘઉં ખટારામાં નાખી જવા નીકળી. તો ચારેક છોકરીઓ ખટારાના માર્ગે સૂઈ ગઈ. અંતે પોલીસે મારઝૂડ અને ટાંગાટોળી કરીને પેલી બહેનોને ખસેડીને ખટારો હાંકી મૂકયો.[૨૮]

રાજયના વધતા જતા જુલ્મ સામે લોક પ્રતિકાર વધતો જ રહયો. રવિશંકર મહારાજ પણ માણસા આવીને જાત તપાસ કરીને પાછા ફર્યા. સરદાર પટેલે પણ આ અંગે માર્ગદર્શન પૂરૂં પાડયું જેથી લોકશકિતમાં વધુ વિશ્વાસ પ્રગટ થયો. દેશભરના અગ્રગણ્ય વર્તમાનપત્રોના પ્રતિનિધિઓએ માણસાની મુલાકાત લીધી. તાલુકાના ગામોમાં લોકો પર આચરવામાં આવેલા જુલ્મને નિહાળયો અને રાજયના દિવાન ગિરધરલાલની પણ મુલાકાત લીધી. પત્રકારોએ બાપુપુરા ગામમાં દરબારી પોલીસની જપ્તીના નામે ઉઘાડી લૂંટ અને દાદાગીરી પણ નજરે નિહાળી. કિસાન સમિતિએ નીમેલી તપાસ સમિતિના હેવાલનાં નકકર સૂચનોએ ખેડૂતોની હિંમત વધારી. આ સમયે "મહેસાણા પ્રાંતમાં પ્રજામંડળ" ની કારોબારીએ પણ માણસાના કિસાનોની લડતને પોતાનો ટેકો જાહેર કર્યો. પરિણામે લડતના મૂળમાં રહેલા દિવાન ગિરધરલાલની માણસામાંથી દરબારે વિદાય આપી.[૨૯]

આ ઉપરાંત કિસાન કમિટિએ દેશી રાજયોમાં પોતાના હક્ક માટે લડતા બધા કિસાનોને ધન્યવાદ આપ્યા. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં માણસા રાજના ખેડૂતોની લડત ચાલતી હતી તેને ટેકો આપવાનું પણ ઠરાવ્યું.માણસાના ઠાકોરે ખેડૂતોના મહેસૂલ દરમાં ૨૦૦ ટકાનો વધારો કર્યો હતો તેથી તેમણે ના-કરની લડત શરૂ કરી હતી. તેના વિરોધમાં માણસામાં મોટી સભા તારીખ : ૧૮-૩-૧૯૩૮ રોજ થઈ જેમાં સરકારી દમનનો સખત વિરોધ થયો. અને તત્કાળ મહેસૂલમાં ૫૦ ટકા કાપ મુકાય અને આગેવાનોને છોડી મુકાય તો લવાદથી નિકાલ કરવાની માગણી રજૂ થઈ. અને કિસાનસભા તરફથી ત્રીજી એપ્રિલના દિવસને અખિલ હિન્દ માણસા દિન પાળવાની અપીલ કરવામાં આવી.[30]

દરબારના ત્રાસનાં ગીતોને રણચંડી બનેલી એ સ્ત્રીઓની શકિતને પોરષવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સ્ત્રી ઓની રટણા બની ચૂકેલી કેટલીક પંકિતઓ આ રહી......

માણસા ગામના ખેડૂતો કેરી સુણજો કર્મ કથાય,
રાજ કરે ભોળા રાવલજી, જેના ગિરધરલાલ દીવાન,
દીવાને તો દુઃખડા દીધાં,
ભોળા ખેડૂતોનાં દીલડાં લૂંટયાં.

સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા જરૂરી સૂચનો થયાં અને પ્રજાની મકકમતા જોતાં મૂંઝાયેલા શ્રી રાઓલજી સજજનસિંહજીએ ૨૫ ટકા જેટલો મહેસૂલ ઘટાડો જાહેર કર્યો. જેથી કિસાન સમિતિમાં લડત ચાલુ રાખવા અંગે મતભેદ ઉભો થાય તેવું બને તેમ લાગતાં સરદાર પટેલે પત્ર લખીને જણાવ્યું કે "દરબારની મહેરબાની

થી આખું મહેસૂલ માફ થાય તો પણ આપણે તે ન જોઈએ. ૨૫ ટકા રાહતને આપણે શું કરવી ? ન્યાયી અને સ્વમાન ભેર ફકત એક ટકો રાહત મળતી હોય તો તે વધારે કિંમતી છે."

માણસાને મસળી નાખવાના કોડ લઈને આવેલા ગિરધરલાલ ભૂંડે હાલે વિદાય થયા પછી દીવાન પદે આવેલા કેશવલાલે સમાધાન માટે વાટાઘાટોનો રસ્તો સ્વીકાર્યો દમનનીતિથી વગોવાઈ ચૂકેલા અમલદારો નીમીને દમનનો દોર કાપી નાખ્યો. આથી સમાધાનની મંત્રણામાં ભાગ લેવા કિસાન સમિતિના હરજીવનભાઈ, ગણેશજીભાઈ અને નથ્થુભાઈ મુંબઈ આવ્યા હતા. આ ઉપરાંત મંત્રણામાં ભાગ લેવા અને માર્ગદર્શન આપવા અને સંમતિ આપવા ભોગીલાલ લાલા, ભવાનીશંકર મહેતા, રામરાય મુનશી અને માણસાના શ્રી રાઓલ સજ્જનસિંહજીના દીવાન કેશવલાલ ઓઝા, વાંકાનેરના રાજવી વગેરે મુંબઈમાં હાજર હતા. વાંકાનેર હાઉસ અને સરદાર સાહેબનું નિવાસ સ્થાન "પુરષોત્તમ ભુવન" એ બંને સ્થળો મંત્રણાઓ ને આંટાફેરાને લીધે દિવસો સુધી ધમધમતા રહયાં. છતાં સમાધાનની વાત પાટે ચઢતી ન હતી. કિસાન સમિતિને સમાભાનમાં ભાગીદાર તરીકે રાજયના જેવો જ સમાન દરજજો પ્રાપ્ત થાય તે વાત માણસાના રાજવીને કે દિવાનને સ્વીકાર્ય ન હતો. તો કિસાન આગેવાનો જે સમાધાનનો સ્વીકાર ન  કરે તેવું સમાધાન કરવા સરદાર સાહેબ તૈયાર ન હતા અને સમાધાનની વાતો અટકી ગઈ.

માણસાના દીવાન શ્રી કેશવલાલ ઓઝા ૧૧મી જૂન ૧૯૩૮ના દિવસે સરદાર સાહેબને ત્યાં સવારે નવ વાગ્યે સમાધાન માટે આવવાનો વાયદો કરીને વિદાય થયા. ૧૧મીને દિવસે સરદાર સાહેબને ત્યાં કિસાન આગેવાનો આવી પહોંચ્યા. બધા દીવાનની રાહ જોવા લાગ્યા. પરંતુ દીવાન આવ્યા નહિ તેથી સરદાર સાહેબે વાંકાનેર હાઉસમાં ફોન જોડયો અને જણાવ્યું કે હવે વધારે વખત થોભાવાનું પાલવે તેમ નથી. આજે નિકાલ નહીં આવે તો મારે દસકોઈ તાલુકા સમિતિને લડાઈમાં ઉતારવા સીધો હુકમ આપવો પડશે પછી કોંગ્રેસ અને માણસાના રાજય વચ્ચે લડાઈ થશે. ગુજરાતમાં કિસાનો આ રીતે પીલાય એ હું સહી નહી શકું. વિચારી જોજો.

વાંકાનેર હાઉસમાં સરદારની વાણી સાંભળતાં જ હઠનું સ્થાન ડાહપણે લીધું અને બપોરે ત્રણ વાગ્યે કિસાન સમિતિના સ્વીકાર સાથે સમાધાન ખત પર માણસા રાજયના શ્રી રાઓલજીએ સહી કરી.

માણસા રાજય અને માણસા રાજયના કિસાનો વચ્ચે ચાલતી તકરારનું નીચે પ્રમાણેની શરતોએ સમધાન કરવામાં આવ્યું છે.[૩૧] :-

૧. માણસા રાજયમાં જમીન મહેસુલના ધોરણની આકારણી વડોદરાના રાજયના જમીન મહેસૂલના કાયદાના ધોરણે કરવી.

૨. આ કામ કરવા માટે એક અનુભવી અધિકારી રાજય નીમશે અને અમલદારને તેના કામમાં મદદ કરવા દરેક ગામવાર કમીટી નીમવામાં આવશે. જે કમીટીમાં અડધા સભ્યો માણસા કિસાન કમીટીના રહેશે.

૩. ઉપરોકત કમીટી અને અધિકારી વચ્ચે જે બાબતો પર મતભેદ થશે તે બાબતો નામદાર રાઓલજી સાહેબ તરફથી નીમાયેલ રેવન્યુ બાબતના અનુભવી અધિકારી પાસે નીરાકારણ માટે રજૂ કરવામાં આવશે, અને અધિકારીએ પોતાના અભિપ્રાય સહિત છેવટનો હુકમ થવા બાબતનો રીપોર્ટ નામદાર રાઓલજી સાહેબ તરફ મોકલશે.

૪. આ નવા રેવન્યુ સેટલમેન્ટનું ધોરણ સવંત ૧૯૯૭ના સાલથી અગર તે પહેલાં અમલમાં મુકવામાં આવશે, આ પ્રમાણે કરેલા રેવન્યુ સેટલમેન્ટની મુદત વીસ વર્ષની રહેશે.

૫. સેટલમેન્ટની મુદત દરમ્યાન જમીન પ્રતવારીમાં કે તેના મહેસૂલના દર માં કોઈ પણ કારણે વધારો કે ઘટાડો કરી શકાશે નહી.

અ. સેટલમેન્ટના મુકકર કરેલા સમય દરમ્યાન કોઈ પણ કિસાન પોતાના ખાતાની જમીનમાં નવા કૂવા અગર બીજા સુધારા કરશે તો તે કારણે તેની પાસેથી વધારાનો દર લેવામાં આવશે નહી. તેમજ કૂવા વગેરે પડી જવાથી અગર બીજા હરકોઈ કારણથી નકકી થયેલ મહેસૂલના દરમાં ઘટાડો પણ કરવામાં આવશે નહી.

બ. પરંતુ આ વખત દરમ્યાન હાલની પ્રથા પ્રમાણે કોઈ ખાતેદાર રાજય પાસેથી કૂવાના ગણવટ (મદદ) ની રકમ લેશે તો નવા સેટલમેન્ટના નિયમ પ્રમાણે વધારાનો દર લેવામાં આવશે.

ક. રાજયની આમદાની કે રાજયને નુકસાન કરવાના બદ ઈરાદાથી જમીનની ચાલતી સ્થિતિમાં નવા સેટલમેન્ટનો સમય આવે ત્યારે કોઈ પણ જાતનો ફેરફાર ખાતેદારે કરવો નહી. છતાં જો કોઈ ખાતેદાર આવી રીતે આમદાની ને નુકસાન કરવાના ઈરાદાથી ચાલુ સ્થિતિમાં ફેરફાર કરશે તો નવા સેટલમેન્ટ વખતે તેવી જમીનની સુધારેલી સ્થિતિ ગણી તે પ્રમાણે સેટલમેન્ટ નકકી કરવામાં આવશે.

૭. ઉપર પ્રમાણે નવુ સેટલમેન્ટ થાય ત્યાં સુધી હાલના મહેસૂલમાં દરમાં સેંકડે ૩૫ ટકા ઘટાડો કરી તે પ્રમાણે રાજયે મહેસૂલ વસૂલ લેવાનું છે. પણ જો નવા સેટલમેન્ટમાં મહેસૂલના દર હાલના ૩૫ ટકા થી વધારે ટકાનો ઘટાડો થાય તો ૩૫ ટકા થી ૪૦ ટકા સુધીમાં જેટલો ઘટાડો થાય તેની અને ૩૫ ટકાના મહેસૂલ વચ્ચે જેટલો તફાવત હશે તે પ્રમાણે ગણી રાજયે કિસાનોને ખાતાવાર રકમ મજરે આપવી. અને જો તે ઘટાડો ૩૫ ટકાથી ઓછો થાય તો માત્ર સવા એકત્રીસ ટકા અને પાંત્રીસ ટકા વચ્ચે પાંત્રીસ ટકાથી જેટલો તફાવત રહે તેટલો તફાવત ખાતેદારોએ રાજયને મજરે આપવો જોઈશે, પણ સવા એકત્રીસ ટકા થી ઓછો ઘટાડો હશે તો સવા એકત્રીસ ટકા ટકાથી વધારેનો તફાવત કિસાનો પાસેથી રાજય મજરે લેશે નહી.

૮. દરબારી ખાતેદારો જયાં સુધી પોતાની મુકકર કરેલી વીઘોટી રાજયે મુકકર કરેલ વખતે નિયમિત રીતે ભરપાઈ કરે જશે ત્યાં સુધી તેમની જમીન રાજય પડાવી લેશે નહી.

૯. દરેક ખાતેદારને પોતાના ખાતાની જમીન વેચવાનો, ગીરો મૂકવાનો, બક્ષીસ આપવાનો, એસાઈન કરવાનો કે કાયદેસર રીતે તેની બીજી વ્યવસ્થા કરવાનો તેને અધિકાર છે અને એ બાબતના દસ્તાવેજો દર સેંકડે સાડા સાત ટકા ફી લઈને દફતરે નોંધી આપવામઢા આવશે.અને જે સખસને તે જમીન તે દસ્તાવેજથી આપવામાં આવી હશે તેને નામે તે જમીન દરબાર દફતરે દાખલ કરી આપવામાં આવશે. આવા ટ્રાન્સફરો ગમે તે કોમનો જાતે ખેતી કરતો કિસાન હશે તેનેજ થઈ શકશે.

૧૦. અત્યાર સુધી ઉપર પેરા નવ મુજબના જે દસ્તાવેજો દરબાર દફતરે નોંધાયા નહી હોય તે તમામ દસ્તાવેજો

આજથી છ માસની અંદર નોંધવા માટે રજુ કરવા અને તેના ઉપર જણાવ્યા મુજબ સાડા સાત ટકા ફી લઈને તે તમામ દસ્તાવેજો રાજય પોતાના દફ્તરે નોંધી આપશે અને તે દસ્તાવેજ પ્રમાણે દરબારી દફ્તરમાં નામનો ફેરફાર કરી આપવામાં આવશે.

૧૧. : અ : દરબારી ખાતાની જમીનનો હરકોઈ ખાતેદાર ગુજરી જશે ત્યારે તેના ખાતાની જમીન તેના પુત્ર પૌત્રી વગેરે સીધી લીટીના વારસોને નામે વગર નજરાણે દરબારી દફ્તરે ચડાવી આપવામાં આવશે.

: બ : જો તેવા કોઈ ખાતેદાર દત્તક પૂત્ર લીધો હશે તો તેને વીઘોટી ના બે પટ જેટલો નજરાણો લઈ મરનારના ખાતાની જમીન તે દત્તક પુત્રને નામે ચડાવી આપવામાં આવશે.

: ક : અ અને બ માં જણાવેલા વારસોના અભાવે મરનારની દીકરી હશે તો અને તે દીકરી પોતાના બાપના ઘરમા રહીને ખેતી કરશે અગર કરાવશે તો વીઘોટીનો એક પટ જેટલો નજરાણો લઈ મરનારની ખાતા ની જમીન તેણીને ખાતે ચડાવી આપવામાં આવશે. પણ જો દીકરી હયાત નહી હશે તો વારસોને ઉપર જણાવેલ વારસો હક્ક રહેશે નહી.

:ડ : ઉપર અ, બ, ક માં જણાવેલા વારસોના અભાવે મરનારના સગા ભાઈ કે માઈના સીધી લીટીના વારસો હશે તો તેમને વીઘોટીનો એક પટ જેટલો નજરાણો લઈ મરનારના ખાતાની જમીન તેવા વારસ અગર વારસોને નામે ચડાવી આપવામાં આવશે.

૧૨. : અ : ખાતેદાર પોતાના જ ખાતાની જમીનના કૂવામાંથી પોતાના ખાતાની જરાયત જમીનમાં પીયત કરેતો માલ વજે લેવામાં આવશે નહી.

: બ : પણ કાળ દુકાળે બીજા ખાતાની જમીનના કૂવામાંથી ઉપર પ્રમાણે પીયત કરશે તો પણ માલ વર્જે લેવામાં આવશે નહી.

૧૩. ખાતેદારે પોતાના ખાતાની જમીનમાં પોતે ઉછેરેલાં ઝાડો પૈકી ફળાઉ ઝાડ રાજયની મઢજૂરી વગર કાપી શકશે નહી પણ ત ઝાડ સુકાઈ જાય જે બળી જાય તો તે કાપી શકશે તે તેવા પ્રસંગે રાજયની મંજૂરી રહેશે નહી. તેમજ ઉપરના ફળાઉ ઝાડો સિવાયના બીજા ઝાડો લીલાં કે સુકાં તે કાપી શકશે ને તેને પણ રાજયની મંજૂરી ની જરૂર રહેશે નહી.

૧૪. ઉપર વાડી આ હક્ક હાલ જેવી જે દર થી લેવાય છે તે પ્રમાણે તે દર થી રાજય લેવાનું ચાલુ રાખશે.

૧૫. રાજયમાં કોઈ પણ ખેડૂત પાસેથી કાંઈ પણ વેઠે લેવામાં આવશે નહી અને તેવી વેઠને કારણે હાલ જે જમીનો પળત તરીકે પાળી આપવામાં આવે છે તે જમીનની મહેસૂલ સવંત ૧૯૯૫ થી રાજયના ધોરણ મુજબ લેવામાં આવશે. આ લાભ ઉધડીઆ ખેડૂતને પણ સ્ટેટ આપશે. તે એવી શરતે કે તેમનો ઉધડનો સમય પુરો થયે રાજય વેઠ માફ કર્યા બદલી કાંઈ રોકડ વધારો ઉધડીયા પાસેથી લેવા હશે તો લઈ શકશે.

૧૬. : અ : નકરી અને સલામી જમીનો જે કોઈ દરબારી ખેડૂતને રજીસ્ટર દસતાવેજથી ટ્રાન્સફર થઈ હોય અગર પાછલાં વીસ વર્ષથી તેવા ખેડૂતના અવીચ્છીન કબજા ભોગવટામાં હોય તો તેવી જમીનો જે તે ખાતેદારના કબજામાં હાલના ચાલુ હક્કથી અને દર થી રાજય મહેરબાનીની રાહે રહેવા દેશે અને તેવી જમીનો જેના

તેના નામ ઉપર ચડાવી દેવામાં આવશે અને આ હક્કો અને દેશે કાયમને માટે રહેશે.

:બ: હવે પછી થી ખાતેદાર નકરી અથવા સલામી જમીન મૂળ ધારણ કરનાર પાસેથી લેશે તો તે સંબંધી રાજયના જે નિયમો હશે અથવા કરશે તે તેમને લાગુ પડશે.

૧૭. ઈ.સ. ૧૯૩૮ ના જૂન માસની પહેલી તારીખ સુધી દરબાર મરજી સુધીના જે ખાતાની જમીનોના લેખો થયા હશે તેવા ખાતેદારોને તેમના ખાતાની જમીન ઉપર ઉપરોકત કલમો નવ અગીયાર મુજબના તમામ હક્ક રહેશે. હવે પછી જે જમીનો રાજય તરફથી સાંપવામાં આવશે તે જમીનો જે કરાર થી રાજય તરફ થી આપવા માં આવશે તે કરાર મુજબ અમલ થશે.

૧૮. માણસા ખેડૂત પંચાયતની નીમાયેલી કમીટી જમીન તથા જમીન મહેસૂલના સામાન્ય પ્રશ્નોના સંબંધમાં રાજયને જે સલાહ આપશે તે સલાહ ઉપર રાજય તરફથી યોગ્ય વજન આપવામાં આવશે.

૧૯. એક માણસને નામે ખાતાની જમીન હોય અને અરજી આપેતો તે જમીન તેના કાયદેસરના સહ ભાગીદારો તથા ઉપર જણાવેલા વારસદારોને નામે માંગણી આપેથી તેમના નામે ચડાવી આપવામાં આવશે અને તેમ કરવામાં ચાલુ દર કે ખસ્ચ લેવા તો હશે તેમ લેવામાં આવશે.

૨૦. રાજય આ ચળવળના અંગેના તમામ સજા ભોગવતા અને કાચા કામના હાલના કેદીઓને એમનેસ્ટી આપી છોડી મૂકશે.

૨૧. ગોપાળદાસ ભગવાનદાસના તુમારે તેમની જમીન સંબંધનો ખાલસા હુકમ થયો છે તે અન્ય પક્ષોના હકને હરકત સિવાય રદ કરવામાં આવશે.

૨૨. તમામ ફોજદારી કેસો તથા વારંટો તથા નોટીસો યા ચળવળને અંગે ચાલુ હશે તે બંધ કરવામાં આવશે તેમજ ખેડૂતો તરફ થી ફરીયાદો પણ બંધ કરવામાં આવશે. વસુલ નહી આવેલો દંડ માફ કરવામાં આવશે.

૨૩. પટેલ પ્રભુદાસ ધોળીદાસના દાગીનાની ચોરીની ફરીયાદ બાબત તપાસ કરવામાં આવશે અને તે ગુમ થયેલા દાગીના તેના માલિકને પાછા મેળવી આપવા રાજય યોગ્ય પ્રયાસ કરશે.

૨૪. બાપુપુરાની દીન મહંમદ વાળી ફરિયાદ માંડી વાળવાની છે.

૨૫. સામાજીક બહીષ્કાર ખેડૂતોએ ખેંચી લેવાનો છે.

૨૬. દારૂની દુકાનના પીકેટીંગ બાબતની ચળવળ ખેડૂતોએ બંધ કરવી.

૨૭. આ લડતને અંગે ફતેપુરાના રામાભાઈ ચેલાભાઈને કમી કર્યો છે તેને રાજય પાછો રાખશે.

૨૮. ખેડૂતોએ ના કર ની લડત બંધ કરવી.

૨૯. આજની તારીખથી ત્રણ અઠવાડિયામાં જેમની વિધોટી બાકી હોય તેવા માણસા રાજય તમામ ખાતેદારોએ વિધોટી ભરી દેવી તેમ કરવામાં કસુર કરશે તો રાજય ધોરણસર વસૂલ કરશે.

આમ ઉપરોકત સમાધાન તારીખ :- ૧૧મી જૂન ૧૯૩૮ ના રોજ માણસાના શ્રી રાઓલ સજજનસિંહજી અને દીવાન કેશવલાલ ઓઝા, તથા કિસાન આગેવાનો પટેલ ગણેશભાઈ મણીલાલ, પટેલ હરજીવન જેકણદાસ, પટેલ ગોપાળદાસ ભગવાનદાસ, પટેલ અમથાલાલ કાલીદાસ, પટેલ બબલદાસ

ગંગારામ, પટેલ નથ્થુભાઈ છબીલદાસ અને રામાભાઈ ચેલાજી વગેરે આગેવાનોએ સહી કરી હતી.

આ રીતે માણસા કિસાન આંદોલન તા. ૧૧-૫-૧૯૩૭ થી ૧૧-૬-૧૯૩૮ સુધી તેર માસ સુધી ચાલ્યું. જેમાં મહાત્મા ગાંધી કે સરદાર વલ્લભભાઈ પટેલ જેવા નેતા ન હોવા છતાં માણસા સત્યાગ્રહ મીની બારડોલી તરીકે ઓળખાય છે. જેમાં માણસાવાસીઓએ સંપ અને સંગઠનમય રીતે સત્યાગ્રહને શોભાવ્યો, અને સત્યાગ્રહ સફળ બનાવ્યો. અને વડોદરા રાજયના મહેસૂલના કાયદા પમાણે ખેડૂતો જમીનની આકારણી થાય એ માટે કબૂલ થયા અને પરા પૂર્વથી ચાલ્યા આવતા ખેડૂતોના હક ચાલુ રખાયા અને વેઠની પ્રથાનો અંત આવ્યો. આમ કિસાનોએ ખૂબ સહન કરીને સંગઠન દ્વારા અમાનુષી તંત્ર ઉપર વિજય મેળવ્યો. [૩૨] તેના જશના અધિકારી શ્રી રામરાય મુનસી છે.

પાદનોંધ :-


૧. પટેલ બાબુભાઈ ભગાભાઈ, "માણસા રાજય : એક અધ્યયન", ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ,૧૯૯૧ , અપ્રગટ નિબંધ. પે-૩૯

૨. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૯, ભો.જે.વિદ્યાભવન અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૮૭,પે-૧૩૬

૩. પટેલ રણછોડભાઈ શિવરામભાઈ, નોંધપોથી-ભાગ-૫,તારીખ : ૫-૧૨-૧૯૭૦,પરથી-પે-૮૯ અને યાજ્ઞિક ઈન્દુલાલ, આત્મકથા ભાગ-૫, ગૂર્જર એજન્સી અમદાવાદ,દ્વિતિય આવૃતિ-૨૦૧૧,પે-૮૩

૪. પટેલ ચંદ્રકાન્ત, માણસા સત્યાગ્રહ, માહીતી ખાતું, ગુજરાત સરકાર ગાંધીનગર,૧૯૭૮-પે-૧૯

૫. પટેલ ચંદ્રકાન્ત, એજન-પે-૧૫

૬. પટેલ બાબુભાઈ ભગાભાઈ, ઉપરોકત (ક્રમાંક-૧)-પે-૪૦

૭. પટેલ ચંદ્રકાન્ત, માણસા સત્યાગ્રહ, ઉપરોકત (ક્રમાંક-૪)-પે-૧૭

૮. પટેલ ચંદ્રકાન્ત, એજન-પે-૧૮

૯. પટેલ બાબુભાઈ ભગાભાઈ, ઉપરોકત (ક્રમાંક-૧)-પે-૪૧

૧૦. પટેલ ચંદ્રકાન્ત, ઉપરોકત (ક્રમાંક-૪)-પે-૨૦

૧૧. પટેલ રણછોડભાઈ શિવરામભાઈ, ઉપરોકત (ક્રમાંક-૩)-પે-૮૯

૧૨. પટેલ બાબુભાઈ ભગાભાઈ, ઉપરોકત (ક્રમાંક-૧)-પે-૪૨

૧૩. પટેલ ચંદ્રકાન્ત, ઉપરોકત (ક્રમાંક-૪)-પે-૨૩

૧૪. પટેલ ચંદ્રકાન્ત, એજન-પે-૨૬

૧૫. પટેલ બાબુભાઈ ભગાભાઈ, ઉપરોકત (ક્રમાંક-૧)-પે-૪૩ ,અને ઉપરોકત (ક્રમાંક-૩) યાજ્ઞિક ઈન્દુલાલ, આત્મકથા ભાગ-૫,પે-૮૩

૧૬. પટેલ ચંદ્રકાન્ત, ઉપરોકત (ક્રમાંક-૪) -પે-૨૮

૧૭. પટેલ ચંદ્રકાન્ત,એજન-પે-૨૮, અને માણસા સત્યાગ્રહ રિપોર્ટ, નારાયણ પ્રિંટીંગ પ્રેસ, અમદાવાદ, મુખ્ય પૃષ્ઠ પરથી
૧૮. પટેલ ચંદ્રકાન્ત,એજન-પે-૨૮
૧૯. પટેલ બાબુભાઈ ભગાભાઈ, ઉપરોકત (ક્રમાંક-૧)-પે-૪૪
૨૦. ગુજરાત સમાચાર તારીખ : ૨૬-૩-૧૯૩૮, પે-૮
૨૧. ગુજરાત સમાચાર તારીખ : ૨૦-૧-૧૯૩૮, પે-૬
૨૨. પટેલ ચંદ્રકાન્ત, ઉપરોકત (ક્રમાંક-૪)-પે-૩૩
૨૩. પટેલ બાબુભાઈ ભગાભાઈ, ઉપરોકત (ક્રમાંક-૧)-પે-૪૬
૨૪. માણસા સત્યાગ્રહ રિપોર્ટ, ઉપરોકત (ક્રમાંક-૧૭)-પે-૯
૨૫. પટેલ બાબુભાઈ ભગાભાઈ, ઉપરોકત (ક્રમાંક-૨)-પે-૪૬
૨૬. પટેલ ચંદ્રકાન્ત, ઉપરોકત (ક્રમાંક-૪)-પે-૩૯
૨૭. પટેલ બાબુભાઈ ભગાભાઈ, ઉપરોકત (ક્રમાંક-૧)-પે-૪૭
૨૮. ગુજરાત સમાચાર તારીખ : ૨૬-૩-૧૯૩૮, પે-૬
૨૯. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ,ઉપરોકત (ક્રમાંક-૨)-પે-૧૩૬
૩૦. ઉપરોકત (ક્રમાંક-૩) યાજ્ઞિક ઈન્દુલાલ,આત્મકથા ભાગ-૫,પે-૮૩
૩૧. માણસા રાજય અને ખડૂત પ્રતિનિધિઓ વચ્ચેનો ઓરિજિનલ સમાધાન કરાર તારીખ : ૧૧-૬-૧૯૩૮, પે-૧ થી પે-૧૦
૩૨. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ,ઉપરોકત (ક્રમાંક-૨)-પે-૧૩૭ અને ઉપરોકત (ક્રમાંક-૩) યાજ્ઞિક ઈન્દુલાલ,આત્મકથા ભાગ-૫,પે-૮૯